# આદિવાસી સમાજમાં ફેલાયેલું દારૂનું દૂષણ: એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (તાપી જિલ્લાના સોનગઢ વિસ્તારને અનુલક્ષીને)

**Sunita U. Gamit**
M. Phil (Sociology) Research Scholar
Dept. of Social Sciences, Gujarat Vidyapith, Ahmedabad

Received: March 04, 2018 Accepted: April 07, 2018

## ➢ પ્રસ્તાવના:

આદિવાસી સમાજનો દારૂ સાથે પહેલેથી જ નાતો જોવા મળે છે. ગામીત જાતિના કુળદેવી દેવમોગરા માતાને દારૂ ચઢાવવાની વર્ષો જૂની પ્રથા છે જે આજે પણ ચાલુ જ છે. પરંતુ દારૂ ચઢાવવાની વ્યવસ્થા અલગ હોય છે. ચઢાવાનો દારૂ મૂર્તિ પાસે નહિ પરંતુ નિશ્ચિત કરેલા સ્થળે જ ચઢાવવાનો રિવાજ છે. આદિવાસી સમાજમાં પરિવર્તન આવી રહ્યું છે તેમ તેમ ગ્રામ્ય વિસ્તારમાં દેશી દારૂની સાથે સાથે વિદેશી દારૂનો પ્રસાર પણ બહોળા પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં એક એવી પણ માન્યતા પ્રવર્તે છે કે વ્યસન કરવાથી કોઇ નુકસાન થતું નથી. પેઢી દર પેઢીથી વ્યસન ચાલ્યું આવે છે. બાપદાદાઓ પણ વ્યસન કરતા હતા અને અમે પણ કરીએ છીએ ને તોય હજુ જીવીએ છીએ. તાપી જિલ્લાના સોનગઢ વિસ્તારમાં દારૂના દૂષણની કેવી અને કેટલી અસરો થઈ છે , દારૂના વ્યસનમાંથી આદિવાસીઓને કેવી રીતે મુક્ત કરાવી શકાય તે અંગેનો ખ્યાલ પ્રસ્તુત સંશોધન પત્ર દ્વારા આપવામાં આવ્યો છે.

## ➢ અભ્યાસ ક્ષેત્ર:

પ્રસ્તુત સંશોધનમાં તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ગામોની પસંદગી કરવામાં આવી છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | પસંદ કરેલું ગામ | ઉત્તરદાતાની સંખ્યા |
|---|---|---|
| 1 | ખાંજર | 25 |
| 2 | ડોસવાડા | 25 |
| 3 | ઘાંચીકુવા | 25 |
| 4 | ખરસી | 25 |
| | કુલ | 100 |

ઉપરોક્ત કોષ્ટક મુજબ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ખાંજર, ડોસવાડા, ઘાંચીકુવા અને ખરસી ગામોની પસંદગી નિદર્શ પદ્ધતિ દ્વારા કરવામાં આવી છે. દરેક ગામમાંથી 25-25 એમ કુલ 100 ઉત્તરદાતાઓની પસંદગી આકસ્મિક નિદર્શન પદ્ધતિથી કરવામાં આવી છે.

## ➢ સંશોધનના હેતુઓ:

(1) આદિવાસી સમાજના પરંપરાગત માળખામાં દારૂનું મહત્વ અને પ્રસાર.
(2) વર્તમાન સમયમાં દારુની કુટેવને કારણે કૌટુંબિક, સામાજિક, આર્થિક પરિસ્થિતિ.
(3) નવી પેઢીમાં ફેલાયેલી દારૂની બદી.
(4) દારૂને કારણે થઈ રહેલી આરોગ્ય વિષયક અસર
(5) ગરીબી અને દારૂ -- એકબીજા સાથે કઈ રીતે સંકળાયેલા છે.
(6) દારૂના દૂષણને દૂર કરવા માટેનો લાંબા ગાળાનો ઉકેલ.

## ➢ અભ્યાસ પદ્ધતિ અને પ્રવિધિઓ:

પ્રસ્તુત સંશોધન માટે પ્રાથમિક માહિતી અને ગૌણ માહિતી મેળવવા માટે નિરીક્ષણ , મુલાકાત, મુલાકાત અનુસૂચિ, ગ્રંથાલય પ્રયુક્તિ અને ઇન્ટરનેટ જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

➢ **દારૂ ગાળવાની પરંપરાગત પદ્ધતિ અને હાલની પદ્ધતિ:** દેશી દારૂ બનાવવાની પરંપરાગત પ્રક્રિયામાં મહુડાના ફુલની સાથે દેશી ગોળ ઉમેરવામાં આવતો. આ પ્રકારનો મહુડાનો દારૂ પીવાથી પીનારને નુકસાન થવાની સંભાવના ઓછી રહેતી.

મહુડાના ફુલના ગુણ ઘણા છે. આ ફુલને કાચા ખવાય , શેકીને ખવાય, મહુડાના ફુલનો લાડુ પણ બને. પરંતુ આપણે તેના ગુણોનો આસ્વાદ લેવાના બદલે 'મહુડાનો પહેલી ધાર ' ના દારૂનો આસ્વાદ લેવાનું વધુ પસંદ કરીએ છીએ. હાલમાં દેશી દારૂની ભઠ્ઠીઓમાં મહુડાના ફુલ , ગોળ ઉપરાંત પીનારને 'કીક' આવે તે માટે સલ્ફેટ ખાતર , ખેરની છાલ, સાદડાની છાલ, ખાખરાની છાલ, ચિલરની છાલ વગેરે ઉમેરવામાં આવે છે. જરૂર પડે તો નશીલા પાવડરનો પણ ઉપયોગ થાય છે. આ બધા કારણોસર પીનારમાં લીવરની બીમારીનું પ્રમાણ ખૂબ વધુ જોવા મળે છે. અમારા વિસ્તારના નશો કરતા પુરૂષોને આંતરડામાં સોજા ચઢવાની બીમારી પણ જોવા મળે છે.

- **આદિવાસી સમાજમાં વ્યસનનું પ્રમાણઃ**

આદિવાસી સમાજમાં વ્યસનનું પ્રમાણ પુરૂષોમાં વધુ અને સ્ત્રીઓમાં સૌથી ઓછું જોવા મળે છે. સ્ત્રીઓમાં બીડી કે તપકીરનું પ્રમાણ પહેલા કરતા ઓછું જોવા મળે છે. મારા નિરીક્ષણ પ્રમાણે ગરીબી અને દારૂ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. સામાન્યતઃ ગરીબ આદિવાસીઓ આખો દિવસ કઠોર પરિશ્રમ કરીને સાંજ પડતા ઘેર આવે ત્યારે ખૂબ થાક અનુભવતા હોય છે. તેમની માન્યતા એવી છે કે આખા દિવસનો થાક દૂર કરવા સાંજે દારૂ પીવો જ પડે. દારૂ પીધા પછી નશીલી અવસ્થામાં તેઓ થાક અનુભવતા નથી અને નિરાંતે ઉંઘી શકે છે. કેટલાક દારૂના વ્યસનીઓને પૂછતાં એમ જાણવા મળ્યું કે જો તેઓ રોજ દારૂ ના પીવે તો તેમને શરીરમાં ધ્રુજારી આવે છે , દારૂ પીધા વિના તેઓને કોઇ જ કામ કરવાની ઇચ્છા થતી નથી. એ લોકોને સતત દારૂ પીવાની તલપ લાગી હોય છે.

- **દારૂના દૂષણને કારણે થયેલી સામાજિકઅને આર્થિક અસરોઃ**

દારૂનું સેવન કરવાથી સોનગઢ વિસ્તારમાં ફક્ત 40 વર્ષના પુરૂષોની હાલત એવી ગંભીર બની ગઇ છે કે કોઇ પણ કાર્ય કરતા તેના હાથ ધ્રુજવા લાગે છે. તેઓ શરીરનું બેલેન્સ પણ જાળવી શકતા નથી. આદિવાસી વિસ્તારોમાં દારૂનું વ્યસન એ ગંભીર સમસ્યા બની ગઇ છે. ઘણા યુવાનો દારૂ પીને ડ્રાઇવિંગ કરતાં અકસ્માત કરીને મોતને ભેટ્યા છે , અપંગ બન્યા છે. ઘણાં કુટુંબોએ પિતા, પુત્ર, ભાઇ કે પતિ ગુમાવ્યો છે. ક્યારેક નશાની હાલતમાં સુરત , ઉધના જેવા શહેરમાં કામ પર જતી વખતે ચાલુ ટ્રેનમાં ચઢતા, ઉતરતા અથવા દરવાજા પર લટકીને જતી વખતે યોગ્ય બેલેન્સ ન જાળવી શકતા મોતને ભેટતા હોય છે. તો ક્યારેક ગંભીર શારીરિક ઇજા થતા સમગ્ર પરિવાર મુશ્કેલીમાં મુકાય છે.

ઘરમાં પિતા વ્યસન કરીને ઘરમાં , પાડોશી સાથે કે અજાણી વ્યક્તિઓ સાથે ઝગડો કરે છે ત્યારે સૌથી વધુ શરમ તેમના બાળકો અનુભવે છે. દારૂડિયાઓના બાળકોને શાળામાં તેમ ગામમાં તેમના પિતાના વ્યસન અંગે વારેવારે અહેસાસ કરાવવામાં આવે છે જેને કારણે તે બાળકો એકલતા અનુભવે છે અને અંદરોઅંદર મુંઝાય છે. આ પરિસ્થિતિને કારણે આવા બાળકો પર લાંબા ગાળા સુધી માનસિક અસર રહે છે.

દારૂની બદી ફેલાઇ છે તેનું એક કારણ ખોટું મિત્રવર્તુળ પણ છે. એવું જોવા મળ્યું છે કે કુટુંબમાં કોઇ વ્યસન ન કરતું હોય પરંતુ મિત્રવર્તુળને કારણે દારૂ પીવાનો વારંવાર આગ્રહ કરવામાં આવે. આ રીતે ઘરની બહાર મિત્રો સાથે છુપી રીતે શોખ ખાતર દારૂ પીવાની ટેવ ધીમે ધીમે કાયમી વ્યસનમાં પરિવર્તિત થાય છે.

આદિવાસી વિસ્તારોના ગામોમાં ચારથી પાંચ દારૂની ભઠ્ઠીઓ જોવા મળે છે. તે ઉપરાંત ત્રણથી ચાર સ્થળોએ વિદેશી દારૂનું વેચાણ થતું જોવા મળે છે. વિદેશી દારૂના ફેલાવાનું મોટું કારણ એ છે કે સોનગઢને અડીને જ મહારાષ્ટ્ર બોર્ડર આવેલી હોવાથી પરમીટવાળી દુકાનોમાંથી છાપેલા ભાવે આસાનીથી જોઇતી બ્રાન્ડ મળી રહે છે. કેટલાક કુટુંબોમાં તો સવારથી જ ચા ને બદલે દારૂ પીવાનો શરૂ થઇ જાય છે. સવારથી જ નશો કરીને પછી આખો દિવસ ખેતીકામ કરવાને બદલે ઘરની બહાર કે ખેતરે જઇને આરામ કરતા હોય કે રસ્તાની બાજુમાં ખુલ્લેઆમ પડી રહેતા હોય છે. આદિવાસી વિસ્તારોમાં દારૂની બદી એટલી બધી ફેલાઇ છે કે દારૂ ખરીદવા માટે જરૂર પડે તો ઘેરથી રુપિયા ચોરી કરે , રુપિયા માટે પત્ની સાથે ઝગડો કરીને તેને માનસિક-શારીરિક ત્રાસ આપે અથવા તો ઘરનાની જાણ બહાર પત્નીના ઘરેણાં પણ વેચી નાખે. ઉધારમાં સતત દારૂ પીવામાં દેવું વધી જાય તો ઘરનાને જાણ કર્યા સિવાય પોતાની જમીન પણ વેચી નાખે. આ બધી વાતનો ફાયદો ગામમાં રહેલા શાહુકારો ઉઠાવે છે અને સાવ ઓછા ભાવે આદિવાસીની જમીનો પડાવી લે છે. મોટા ભાગના આદિવાસીઓ પાસે પોતાની જમીન હોવા છતાં તેમાં વૈજ્ઞાનિક ઢબે વધુ પાક લેવાના પ્રયત્નો કરવાને બદલે દારૂ પાછળ રુપિયા ખર્ચે છે. આજે નવાઇની વાત એ છે કે ખેતરમાં કામ કરવા માટે મજૂરની જરૂરિયાત હોય તો દારૂની ભઠ્ઠીવાળાને કહેવડાવવું પડે કે ફલાણા ભાઇને ત્યાં ખેતમજૂરીનું કામ છે તે માટે આટલા-તેટલા મજૂરો

જોઇએ છે. કહેવાનો મતલબ એ છે કે મજૂરભાઇઓને સવાર સવારમાં દારૂની ભઠ્ઠી પર શોધવા જાવ તો ત્યાં તેઓ મળી જાય પરંતુ ઘરે શોધવા જાવ તો મજૂરો મળતા નથી! આખાદિવસનીતનતોડમજૂરીકર્યાપછીફક્તરૂ.100થી120મળે.તેમાંથી સવાર – સાંજના રૂ.20-20 દારૂની પોટલી પાછળ વેડફવામાં આવે એટલે ક્યારેય બચત કરી શકે નહિ અને ઘરની આર્થિક પરિસ્થિતિ પણ ક્યારેય બદલાય નહિ. ઘેર ઘેર ફેલાયેલી દારૂની બદીથી કંટાળીને ગામની મહિલાઓએ દારૂના વ્યસન વિરોધી ઝુંબેશ ઉઠાવી હતી પરંતુ ગામના પુરૂષો તેમજ શિક્ષિત યુવાનોએ કોઇજ સાથ ન આપ્યો એટલે કોઇજ પરિવર્તન ન આવ્યું. મારા જાણવા મુજબ સતત દારૂ પીવાને કારણે દર વર્ષે ગામમાં 4 થી 6 પુરૂષો મૃત્યુ પામે છે. આદિવાસી સમાજમાં છૂટાછેડા, ત્યક્તા અને વિધવા ઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે કારણ કે આદિવાસી સમાજમાં વિધવા વિવાહ પહેલેથીજ માન્ય છે. તેથી સ્ત્રી પતિની હયાતી માં કે મૃત્યુ પછી બીજા લગ્ન એની મરજી મુજબ કરી શકે છે.

➢ **યુવા પેઢી પર થયેલી દારૂના વ્યસનની અસરોઃ**

દેશના યુવાધનની વાત કરીએ તો આજે સોનગઢ વિસ્તારના મોટાભાગના યુવાનો વ્યસનને રવાડે ચઢી ગયા છે. શિક્ષણ લેવાની ઉંમરે વ્યસન કરતા થઇ ગયા છે. ધાર્મિક તહેવારો ઉપરાંત લગ્ન પ્રસંગે પણ આજના યુવાનો દારૂ પીવાની બાબતને 'ફેશન' તરીકે અનિવાર્ય ગણે છે. લગ્ન પ્રસંગોમાં તો દારૂની રેલમછેલ હોય છે. વર્ષગાંઠ જેવી પાર્ટીઓમાં પણ દારૂ પીવાનું મહત્વ ખૂબ વધી ગયું છે. ઘરમાં કે કુટુંબમાં કોઇ કારણે બોલાચાલી થાય તો યુવાનો એ ઘટનાને ભૂલવા માટે દારૂનો સહારો લે છે જે વ્યસનમાં પરિણમે છે. દારૂની સાથે સાથે જ સિગરેટ અને ગુટખાએ પણ યુવાનો પર કબજો કર્યો છે. ચૂંટણી વખતે તો દરેક ગામોમાં દારૂની રેલમછેલ જોવા મળે છે જેને કોઇ જ અટકાવી શકતું નથી.

આદિવાસી વિસ્તારોમાં જે લોકો શિક્ષિત બન્યા છે તેમનામાં દારૂ પીવાની બદી જોવા મળતી નથી પરંતુ હજુ એવા ઘણા આદિવાસી વિસ્તારો છે કે જ્યાં બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવામાં નથી આવતા. તેઓ મુશ્કેલીથી પ્રાથમિક શિક્ષણ પુરૂં કરી શકે છે. ત્યારબાદ આ બાળકોને મા-બાપ સાથે મજૂરીકામમાં જોડવામાં આવે છે. ઘરમાં મા-બાપ દ્વારા જ દારૂ , સિગરેટ, બીડી, ગુટખા, તમાકુનું સેવન થતું જોઇને બાળકો પણ ચોરીછુપીથી એના રવાડે ચઢે છે અને ધીમે ધીમે તેની આદત પડી જાય છે.

આદિવાસી સમાજમાં વધતા જતા વ્યસનના પ્રમાણમાં ઘટાડો થવો જરૂરી છે. કારણ કે યુવા પેઢી જો આવા ખોટા રવાડે ચઢી જશે તો કુટુંબ, સમાજ કે ગામની પરિસ્થિતિમાં પરિવર્તન લાવી શકાય નહિ. તંદુરસ્ત આદિવાસી કુટુંબ કે સમાજનું સપનું સાકાર કરી શકાય નહિ. દારૂના વ્યસનને કારણે આદિવાસી સમાજમાં બે પ્રકારની અસરો જોવા મળે છે.

➢ **દારૂની આરોગ્ય વિષયક અસરોઃ**

લાંબા ગાળાની અસરોની વાત કરીએ તો વારંવાર દારૂનું સેવન કરવાથી લીવરની બીમારી શરૂ થાય છે. રોગપ્રતિકારક શક્તિ ઘટતી જાય છે એટલે અન્ય રોગના આક્રમણની શક્યતા વધતી જાય છે. ગુટખા , બીડી, સિગરેટના સેવનથી કેન્સર તથા હ્રદયરોગની બીમારીઓ જોવા મળે છે. ઉપરાંત ક્ષયરોગ પણ જોવા મળે છે જેનો ચેપ ઘરના બીજા સભ્યોને લાગે છે. દારૂને કારણે પીનારના આરોગ્ય પર ગંભીર અસરો પડે છે જેને કારણે આયુષ્ય ટૂંકુ બને છે.

ટૂંકા ગાળાની અસરોની વાત કરીએ તો દારૂ પીનાર વ્યક્તિ સભાનતા ગુમાવે છે. ખાસ કરીને તેના સ્વભાવમાં ચીડિયાપણું જોવા મળે છે. રોજના નિયત સમયે જો દારૂ ન મળે તો શરીરમાં નબળાઇ આવી જાય છે. દારૂ પીવા ન મળે ત્યારે વ્યક્તિને કામમાં રૂચિ ન લાગે, તેનું શરીર દુઃખે, માથું દુઃખે તેવી ફરિયાદો કરે છે.

➢ **દારૂની કૌટુંબિક અસરોઃ**

સમાજમાં પરિવારો વિખરાવાનું કારણ પણ દારૂ જ છે. પુરૂષો દારૂ પીને વારંવાર ઘરમાં ઝગડા કરે છે , વગર કારણે ઘરના જ બાળકોને ગાળો આપે છે જેને કારણે કુટુંબના બીજા સભ્યો અને પાડોશીઓ હેરાન થાય છે. કેટલાક પરિવારમાં આવા વાતાવરણથી કંટાળીને બાળકો નાની વયે જ ઘરેથી ભાગીને શહેરમાં મજૂરી કરવા નીકળી જતા હોય છે અને ભણતર છોડી દેતા હોય છે. ક્યારેક તો એવું બને છે કે મજૂરી કરીને કમાયેલા રુપિયા વ્યસનોમાં જ ઉડાવવામાં આવે છે એને કારણે ઘરની આર્થિક પરિસ્થિતિ હંમેશા નબળી જ રહે છે. દારૂની કુટેવને કારણે બાળકોને ભણાવી શકતા નથી તેમ જ આખું જીવન દેવામાં જ ગુજારે છે. અમુક કિસ્સાઓમાં તો વ્યક્તિ મૃત્યુ પામે ત્યાં સુધી દેવુ ચૂકવી શકતા નથી. પતિના મૃત્યુ પછી તેની વિધવા અને બાળકો દેવાનો ભોગ બને છે. આ બધાને કારણે કુટુંબો વિખરાતા જાય છે.

વિધિની વક્રતા એ છે કે દર વર્ષે ફેબ્રુઆરીથી શરૂ કરીને વરસાદ ન આવે ત્યાં સુધી પાણીની ભયંકર તંગી સર્જાય છે. પરંતુ બારે માસ દારૂની નદીઓ વહે છે!

➢ **શહેરી અને ગ્રામીણ વચ્ચેનો ભેદભાવઃ**

શહેરી અને ગ્રામીણ વચ્ચેનો ભેદ દારૂ પીવાની બાબતે પણ જોવા મળે છે. શહેરી સમાજના સુધરેલા લોકો વિદેશી દારૂ પીવે તેને 'ડ્રિંક્સ લીધું' એમ કહીને ફેશનમાં ખપાવાય જ્યારે ગામડાના લોકો કઠોર પરિશ્રમ પછી ગરીબીનો કાયમી થાક ભૂલવા દેશી દારૂ પીવે તો 'પોટલી પીધી' કે 'દારૂડિયા' કહીને તેઓને ઉતારી પાડવામાં આવે. મારા મતે તો દારૂ પીનાર દરેક વ્યક્તિ -- ભલે ને પછી તે શહેરી હોય કે ગ્રામીણ -- દારૂડિયો જ છે. નવો તંદુરસ્ત સમાજ રચવા દારૂની બદીમાંથી કોઇ પણ હિસાબે બહાર નીકળવું જ પડે. વ્યસનમુક્તિની ઝુંબેશ સામુહિક રીતે શરૂ કરવી પડે અને અટક્યા વિના લાંબા સમય સુધી ચલાવવી પડે.

➢ **દારૂની બદી દૂર કરવાનો લાંબા ગાળાનો ઉકેલઃ**

મારા મતે દારૂની બદી દૂર કરવાની નૈતિક જવાબદારી ગામલોકોની જ છે. હાલમાં ફેલાયેલી દારૂની બદી દૂર કરવા માટે સહુએ સાથે મળીને લાંબા ગાળાની વ્યસનમુક્તિ ઝુંબેશ ચલાવવી પડે. આ માટે તમામ સંગઠનોએ એક બનીને ગામડાઓમાં આવીને વ્યસનમુક્તિ ઝુંબેશ ચલાવવી અનિવાર્ય છે.

એક સમાજશાસ્ત્રી તરીકે મારું એવું મંતવ્ય છે કે દારૂના દૂષણમાંથી સમાજને બહાર કાઢવો હોય તો ગામડાઓની મહિલાઓએ સાથે મળીને પહેલ કરવી પડે. હિંમતભેર પુરુષોની સામે પડીને ઝુંબેશ ચલાવવી પડે. આ માટે ગામેગામ ફેલાયેલ સખીમંડળોની બહેનો પોતાના સંગઠનનો સુપેરે ઉપયોગ કરી શકે , ગામની અને આસપાસના ગામોની બીજી મહિલાઓને સમજાવી શકે , જાગૃતિ ફેલાવી શકે. હું પોતે આદિવાસી હોવાના નાતે મહિલા સંગઠનોમાં દારૂના વ્યસનને દૂર કરવા અંગે જાગરૂકતા ફેલાવું છું અને આદિવાસી વિસ્તારોમાંથી આ દૂષણને દૂર કરવા કટિબધ્ધ છું.

## References:

1. Focused Group Discussion (FGD) with Gamit Tribal Women of Songadh area, Dist. Tapi, March 2018.
2. Gamit, Sunita, *“KhuvaarThavanoRajmarg”*, An article on blog ‘Palette’, URL: birenkothari.blogspot.in, March-April 2018.
3. Bhatt, Utpal, Personal discussion: *“How to resolve addiction problem in tribal youth”*, March 2018.